સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્ર.ત્રિ.]

**ગુણવંત(ઋષિ)** [ઈ.૧૬૪૮ સુધીમાં] : જૈન સાધુ. ૩૫૦ કડીની 'પ્રભાવતી-ચોપાઈ' (લે.ઈ.૧૬૪૮)ના કર્તા.

સંદર્ભ : હેજૈજ્ઞાસૂચિ:૧. [શ્ર.ત્રિ.]

**ગુણવિજય/ગુણવિજય(ગણિ)** : ગુણવિજયગણિને નામે ૬૧૯ ગ્રંથાગ્રનો 'ધમ્મિલકુમાર-પુણ્યપદ્મમકરન્દ-રાસ' (ર.ઈ.૧૬૨૪) તથા 'સિંહાસનબત્રીસી-ચોપાઈ' (લે.ઈ.૧૬૬૯) નોંધાયેલ છે તેમ જ ગુણવિજયને નામે 'અલ્પબહુત્વ' પરનો બાલાવબોધ, 'જિન-સ્તવન-ચોવીસી' (લે.સં.૧૮મી સદી અનુ.), વિજયદેવસૂરિ વિશેની કેટલીક કૃતિઓ તથા કેટલાંક મુદ્રિત-અમુદ્રિત સ્તવન-સઝાય મળે છે. આ ગુણવિજય કયા છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

કૃતિ : ૧. અસસંગ્રહ; ૨. પ્રાસપસંગ્રહ:૧; ૩. સઝાયમાળા (પં.)

સંદર્ભ : ૧. જૈગૂકવિઓ:૧; ૨. મુપુગૂહસૂચી; ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

**ગુણવિજય(ગણિ)–૧** [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં પંડિત કનકવિજયના શિષ્ય. જીવદયાનો વિષય લઈને રચાયેલા એમના દુહા-દેશીબદ્ધ ૧૨૫ કડીના 'કોચરવ્યવહારી-રાસ' (ર.ઈ.૧૬૩૧/સં.૧૬૮૭, આસો વદ ૯; મુ.)માં ખંભાતના સુલતાન પાસેથી ૧૨ ગામનો અધિકાર મેળવી અમારિ પ્રવર્તાવનાર કોચરનું વૃત્તાંત વર્ણવાયું છે. આ ઉપરાંત, આ કવિએ 'પ્રિયંકરનૃપ-ચોપાઈ' (ર.ઈ.૧૬૨૨/સં.૧૬૭૮, આસો સુદ ૧૩) તથા ૧૭૬/૨૭૬ કડીની '(કાશીદેશાધીશ)જયચંદ્ર/જયતચંદ્ર-રાસ' (ર.ઈ.૧૬૩૧/સં.૧૬૮૭, આસો સુદ ૯)એ કૃતિઓ પણ રચેલી છે.

કૃતિ : ઐરાસંગ્રહ:૧(+સં.).

સંદર્ભ : ૧. મરાસસાહિત્ય; [ ] ૨. જૈગૂકવિઓ:૧,૩(૧); ૩. લીંહસૂચી; ૪. હેજૈજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

**ગુણવિજય(વાચક)–૨** [ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : તપગચ્છના જૈન સાધુ. વિજયસેનસૂરિની પરંપરામાં કમલવિજયના શિષ્ય વિદ્યાવિજયના શિષ્ય. દુહા-દેશીબદ્ધ ૨૧૩ કડીમાં વિજયસિંહસૂરિને આચાર્યપદ મળ્યું ત્યાં સુધીનું વૃત્તાંત, સર્વ આનુષંગિક ઐતિહાસિક માહિતી ગૂંથી લઈને, માંડીને વર્ણવતા એમનો 'વિજયસિંહસૂરિ-વિજયપ્રકાશ-રાસ' (ર. ઈ.૧૬૨૭/સં.૧૬૮૩, આસો સુદ ૧૦; મુ.) તથા ૫૪ કડીનો 'વિજયસેનસૂરિનિર્વાણ-રાસ/વિજયસેનસૂરિ-સઝાય' એમાંની માહિતીને કારણે નોંધપાત્ર બને છે. આ કવિએ, આ ઉપરાંત, ૯૫ કડીની 'નેમિજિન/નેમીશ્વર-ફાગુ' (ર.ઈ.૧૬૨૫/સં. ૧૬૮૧, વસંત માસ –; મુ.), ૮૪ કડીની '(બંભણવાડમંડન)-મહાવીરફાગ-સ્તવન', 'શીલ-બત્રીસી' (મુ.), 'સાતસોવીસ-જિનનામ/તીર્થંકર-સ્તવન' (ર.ઈ.૧૬૧૨/સં.૧૬૬૮, ચૈત્ર –, રવિવાર) તથા ૧૩ કડીની 'સામાયિક-સઝાય' એ કૃતિઓ રચેલી છે. તેમણે સંસ્કૃતમાં હેમવિજયકૃત અપૂર્ણ 'વિજયપ્રશસ્તિ'માં છેલ્લા ૫ સર્ગો ઉમેરી સમગ્ર પર 'વિજયદીપિકા-ટીકા' (ર.ઈ.૧૬૩૨) તથા 'કલ્પકલ્પલતા-ટીકા' રચેલ છે.

કૃતિ : ૧. ઐજૈકાસંગ્રહ(+સં.); ૨. ઐસમાલા:૧; ૩. જિસ્તકા-સંદોહ:૧; ૪. જૈઐકાસંચય(+સં.); [ ] ૫. સ્વાધ્યાય, નવે. ૧૯૮૦ – 'કવિ ગુણવિજયકૃત નેમીશ્વર ફાગુ', સં. કનુભાઈ વ્ર. શેઠ (+સં.).

સંદર્ભ : ૧. જૈસાઇતિહાસ; [ ] ૨. જૈગૂકવિઓ:૧,૩(૧); ૩. લીંહસૂચી. [કી.જો.]

**ગુણવિજય–૩** [ઈ.૧૭મી સદી] : તપગચ્છના જૈન સાધુ. વિજયાણંદસૂરિની પરંપરામાં કુંવરવિજયના શિષ્ય. વિજયાણંદસૂરિના રાજ્યકાળ (ઈ.૧૬૨૦–ઈ.૧૬૫૫)માં રચાયેલા ૫ ઢાળ અને ૪૯ કડીના 'ગુણ-મંજરીવરદત્ત/જ્ઞાનપંચમી/સૌભાગ્યપંચમી-સ્તવન' તથા ૧૧ કડીની 'ઋષભદેવ-સ્તવન' એ કૃતિઓના કર્તા.

કૃતિ : ચૈસ્તસંગ્રહ:૨.

સંદર્ભ: ૧. જૈગૂકવિઓ:૧; ૨. મુપુગૂહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [કી.જો.]

**ગુણવિજય–૪** [ઈ. ૧૭૫૯ સુધીમાં] : જૈન સાધુ. નયવિજયના શિષ્ય. ૬ કડીના 'સુજાતજિન-સ્તવન' (લે.ઈ.૧૭૫૯)ના કર્તા.

સંદર્ભ : મુપુગૂહસૂચી. [કી.જો.]

**ગુણવિજય–૫** [ ] : જૈન સાધુ. જયવિજયના શિષ્ય. ૯ કડીના '(શંખેશ્વર)પાર્શ્વજિન-સ્તવન' (મુ.)ના કર્તા.

કૃતિ : શંસ્તવનાવલી. [કી.જો.]

**ગુણવિનય** : આ નામે 'નેમિ-ધમાલ', 'પ્રભંજના-સઝાય' વગેરે કોઈક કૃતિઓ નોંધાયેલી છે તે ગુણવિનય–૧ની જ હોવાનું નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી.

સંદર્ભ : ૧. પ્રાકારૂપરંપરા; [ ] ૨. લીંહસૂચી; ૩. હેજૈજ્ઞાસૂચિ:૧. [ભા.વૈ.]

**ગુણવિનય(વાચક)–૧** [ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધ–ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ] : રાસકવિ તથા ગદ્યકાર. ખરતરગચ્છની ક્ષેમશાખાના જૈન સાધુ. ક્ષેમરાજ ઉપાધ્યાયની પરંપરામાં ઉપાધ્યાય જયસોમના શિષ્ય. 'ખંડપ્રશસ્તિ'ની ટીકા (ર.ઈ.૧૫૮૫) તથા 'જિનરાજસૂરિ-અષ્ટક' (ર.ઈ.૧૬૨૦)નાં રચનાવર્ષોને આધારે કવિનો જીવનકાળ ઈ.૧૬મી સદી ઉત્તરાર્ધથી ઈ.૧૭મી સદી પૂર્વાર્ધ સુધીમાં મૂકી શકાય. યુગપ્રધાન જિનચંદ્રસૂરિ ઈ.૧૫૯૨માં લાહોરમાં અકબરને મળ્યા ત્યારે તેમના શિષ્યવૃંદમાં આ કવિ હતા. ત્યાં ઈ.૧૫૯૩માં એમને વાચનાચાર્યની પદવી આપવામાં આવેલી. એમની નવીનવી કાવ્યરચનાઓ સાંભળીને જહાંગીરે તેમને 'કવિરાજ'નું પદ આપ્યાની માહિતી પણ નોંધાયેલી છે.

'ખંડપ્રશસ્તિ' જેવા કઠિન કાવ્ય ઉપરની ટીકાથી જેમની સાહિત્યિક કારકિર્દીનો આરંભ થતો જણાય છે તેવા આ કવિ સંસ્કૃત ભાષાના પણ મોટા વિદ્વાન હોવાનું દેખાઈ આવે છે. ૧૨૦૦૦ શ્લોકોમાં વિસ્તરતી એમની 'હુંડિકા' (ર.ઈ.૧૬૦૯) જેવી સંગ્રહાત્મક કૃતિમાં ૧૫૦થી વધુ ગ્રંથોનો નિર્દેશ છે તે બતાવે છે કે કવિએ જૈન શાસ્ત્રગ્રંથો ઉપરાંત કાવ્યસાહિત્યાદિ અન્ય ગ્રંથોનું પણ



Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org